**રે.દી.મુ.નં.૧૬૩/૨૦૨૨ ના કામે આંક–૦૫ ની કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજી લગત હુકમ ::–**

**વાદી તરફે વિ.વ.શ્રી –આર.ડી.રાઠોડ**

**પ્રતિવાદીઓ તરફે વિ.વ.શ્રી– એમ.એ.પઠાણ**

––––––––––––––––––––––––––––––––––––––

**૧.** વાદીના વિ.વ.શ્રીને સાંભળ્યા. અરજીની હકીકત તથા કેસનું રેકર્ડ વંચાણે લીધું.

**૨.૧** વાદીની આંક–૫ ની અરજીની ટૂંકી હકીકત એવી છે કે, વાદીઓ તથા પ્રતિવાદીઓની વડીલોપાર્જીત ખેતીની જમીન ગામ. બારડોલી બારીયા, તા. દહેગામ ખાતા નં. ૧૦૬ થી બ્લોક /સર્વે નં. ૨૦૯ (જુનો ખાતા નં. ૬ જેનો જુના બ્લોક/સર્વે નં. ૧૧૭) ક્ષેત્રફળ– હે.૨–૨૨–૮૮ વાળી આવેલી છે. જે જમીન વાદી નં. ૧ તથા પ્રતિવાદી નં. ૧ ના સસરા અને વાદી નં. ૨, ૩ તથા પ્રતિવાદી નં. ૨ થી ૧૦ ના ગુજરનાર દાદાના નામે અજીતસીંહ શીવસીંહ ઝાલા ના સરકારી રકર્ડ દફતરે ચાલતી હતી. જે જમીનને હવે પછી સરળતા ખાતર આ કામે ''દાવાવાળી'' જમીન તરીકે સંબોધવામાં આવશે. અજીતસીંહ શીવસીંહ ઝાલા ગુજરી જતાં પ્રતિવાદીઓએ અજીતસીંહ શીવસીંહનુ ખોટું, બોગસ અને બનાવટી અને અધુરૂ પેઢ ીનામુ બનાવડાવી તેમાં એકજ પુત્ર દિલીપસીંહનું બનાવી તેઓના વારસોમાં પ્રતિવાદી નં. ૧ થી ૧૦ નાઓને અને ગુજરનાર (૧) કેસરબા તે દિલીપસીંહ અજીતસીંહની વિધવા (૨) મનહરબા તે દિલીપસીંહ અજીતસીંહની વિધવા (૩) વિજયસીંહ દિલીપસીંહ (૪) બાલુસી હ દિલીપસીંહનાઓને બતાવેલ અને વાદી નં. ૧ ના પતિ અને વાદી નં. ૨ , ૩ ના પિતા ઈન્દ્રસીંહ અજીતસીંહનું નામ તે પેઢીનામામાં બતાવેલ નહી. ખોટા, બોગસ, અધુરા પેઢીનામા આધારે પ્રતિવાદીઓએ દાવાવાળી જમીનમાં વારસાઈનીએ. ફે.નો.નં. ૧૫૧૧ થી તા. ૦૮/૦૧/૨૦૧૦ ના રોજ પડાવેલ છે. વારસાઈની નોંધ સામે વાદીઓએ પ્રતિવાદીઓ સામે ગાંધીનગરના પ્રાન્ત અધીકારી સમક્ષ વિગતવારના કારણો સહીત આર.ટી.એસ. અપીલ દાખલ કરેલી છે.

**૨.૨** દાવાવાળી મીલકતમા વાદીઓનો કાયદેસરનો હક, હીત સમાયેલ છે તેવુ પ્ર તિવાદીઓને દાવા તારીખની અઠવાડીયા ઉપર જણાવતાં અને વાદીઓના નામો દાવાવાળી

મિલકતમાં દાખલ કરવાનું જણાવતા આ કામના પ્રતિવાદીઓ ગુસ્સે થયેલા અને મનફાવે તેમ બોલી મિલકતમા વાદીઓનુ ં નામ દાખલ કરવા ઈન્કાર કરેલો. વાદીના હકક હિત વિરુઘ્ધ દાવાવાળી જમીન પ્રતિવાદીઓ ચેનકેન રીતે અન્યને વેચાણ કરી, તબદીલ ટ્રાન્સફર કરે તેમ છે અને તેમ થાય તો વાદીઓને નાણાથી પણ બદલો ના વળી શકે તેવું પારાવાર ગંભીર પ્રકારનું નુકશાન થાય તેમ છે. જેથી પ્રતિવાદીએ સામે કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા માટે આ અરજી દાખલ કરવાની જરૂર પડી છે. હાલની અરજી કરી અરજીમાં નીચે મુજબની દાદ માંગેલ છે.

(એ) દાવાવાળી મિલકત મોજે. ગામ બારડોલી બારીયા તા. દહેગામ જી. ગાં ધીનગરની સીમ મઘ્યે ખાતા નં. ૧૦૬ થી બ્લોક/સર્વે નં. ૨૦૯ (જુનો ખાતા નં. ૬ જેનો જં ના બ્લોક/ સર્વે નંબર. ૧૧૭) વાળી જમીન જેનુ સુમારે ક્ષેત્રફળ હે.૨–૨૨–૮૮ આરે, આકાર રૂ. ૪–૫૫ પૈસા વાળી ખેતી વિષયક જમીનમાં આ કામના પ્રતિવાદીઓએ ખોટી રીતે બોગસ, બનાવટી, ખોટુ અને અઘુરા પેઢીનામા આધારે ગેરકાયદેસરની વારસાઈ નોંઘ નં બર–૧૫૧૧ પડાવેલ હોય તે આધારે દાવાવાળી મીલકત અન્ય કોઈ ઈસમને ગીરો, બક્ષીસ, વેચાણ યા અન્ય કોઈપણ રીતે ટ્રાન્સફર કરે કરાવે નહી તેમજ સદર મિલકત ઉપર કોઈપણ જાતનો સરકારી, અર્ઘસરકારી કે, ખાનગી યા જાહેર બોજો કરે કરાવે નહી તેવો અમો વાદીઓના લાભમાં અને પ્રતિવાદીઓ વિરૂઘ્ઘ દાવાના આખરી નિકાલ થતાં સુધી કામચલાઉ મનાઈ હુકમ ફરમાવવા અરજ છે.

(બી) આ અરજીનું સ્વરૂપ જોતાં આપ નામદાર કોર્ટને બીજી યોગ્ય અને વ્યાજબી લાગે તેવી દાદ યા દાદો આપવા અરજ છે.

**૩.૧** પ્રતિવાદીઓને ઘોરણસર સમન્સ બજી ગયેલ છે અને તેઓ તેમના વિ.વ.શ્રી મારફત હાજર થયેલ છે અને વાદીના દાવા તથા મનાઈ અરજીનો આંક–૧૩ થી લેખીત જવાબ રજૂ રાખેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, પ્રતિવાદીઓએ જે તે સમયે દાવાવાળી જમીનના રેકર્ડ દફતરે વારસાઈ કરાવવાની કામગીરી હાથ ઘરેઈ તે સમયે વાદીઓને પણ વારસાઈ કરાવવા જણાવેલ અને તે અંગે તેઓને ભાગ આપવાનુ જણાવેલ પરંતુ દરેક વખતે વાદીઓ પ્ર તિવાદીઓને વારસાઈ કામે કોઈ સાથ સહકાર આપતા ન હતા અને છેલ્લે પ્ર તિવાદીઓએ વારસાઈ અંગેની કાયદેસરની કાર્યવાહી કરેલી તે સમયે વાદીઓને જણાવેલ

તો તેઓએ કહેલ કે, હાલ અમારે વારસાઈ કરાવવી નથી. અને ફકત તમાર જ નામો દાખલ કરાવી દો તેમ જણાવેલ. જેથી પ્રતિવાદીઓએ વાદીઓના કહયા મુજબ ફકત તેમના જ નામો દાખલ કરાવેલા. સદર વારસાઈ અંગેની થયેલી નોંધ વાદીઓની જાણમાં અને તેમની સંમતીથી થયેલી છે.

**૩.૨** વધુમાં દાવાવાળી જમીનમાં વાદીઓનો હીસ્સો આવેલો છે તે અંગે ઈન્કાર કરતા નથી. દાવાવાળી મીલકતમાં વાદીઓના નામ દાખલ થાય તે સામે પ્રતિવાદીઓએ કદી કોઈ વાંધો વિરોધ ઉઠાવેલ નથી.

**દલીલો :–**

**૪.** હાલની અરજીની સુનાવણી દરમ્યાન વાદીના વિ.વશ્રી આર.ડી.રાઠોડએ આંક–૧૬ થી અરજીના સમર્થનમાં લેખીત દલીલ રજુ કરેલ છે જેમા તેઓએ મનાઈ હુકમની અરજીમાં જણાવેલ હકીકતોને વળગી રહેતી દલીલો રજુ કરેલ છે તેઓએ જણાવેલ છે કે, વાદીનો પણ દાવાવાળી જમીનમાં પ્રતિવાદી જેટલો હીસ્સો થતો હોય જો પ્રતિવાદી દાવા દરમ્યા દાવાવાળી જમીનનું હસ્તાંતર કરશે તો વાદીનો દાવાવાળી જમીનમાં રહેલો કાયદેસર હક નષ્ટ થાય તેમ છે. તેથી વાદીએ માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવા અરજ કરેલ છે વધુમાં તેઓએ જણાવેલ છે કે મનાઈ હુકમની અરજી ગ્રાહય રાખવા માટેના તમામ આવશ્યક તત્વો વાદીની તરફેણમાં હોય અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

**૫.** આ અરજીની સુનાવણી દરમ્યાન પ્રતિવાદીઓ જાતે કે વકીલ મારફતે હાજર ન રહેતાં તેઓનો દલીલ કરવાનો હક તા. ૧૧/૩/૨૫ ના હુકમથી બંધ કરવામા આવેલો છે.

**૬.** વાદીએ હાલની મનાઈ હુકમની અરજીમાં એવુ કથન કરેલ છે કે, દાવાવાળી જમીન તેની અને પ્રતિવાદીઓની વડીલોપાર્જીત જમીન છે. પ્રતિવાદીઓએ વારસાઈ નોંધ દાખલ કરાવતા સમયે વાદીઓનું નામ છુપાવી અને પોતાના એકલાના નામે નોંધ દાખલ કરાવેલ હોય, દાવાવાળી જમીનમાં પોતાના નામની રેવન્યુ એન્ટ્રીના આધારે દાવાવાળી જમીન કોઈને ટ્રાન્સફર કરે કરાવે નહી તેવી દાવાના આખરી નીકાલ સુધી કામચલાઉ મનાઈ હુકમ આપવા અરજ કરેલ છે. નામ. હાઈકોર્ટ તથા નામ. સુપ્રીમ કોર્ટના ચુકાદાઓમાં ઠરાવેલ છે કે મનાઈ હુકમની અરજીનો નિર્ણય કરતી વખતે કોર્ટે જે ત્રણ સિધ્ધાંતો ધ્યાને લેવાના હોય

છે તેમાં (૧) પ્રથમદર્શનીય કેસ, (૨) સગવડતા અગવડતા ની સમતુલા (૩) કામચલાઉ મનાઈ હુકમ આપવામાં ન આવે તો નાણા માં ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થવા નું સં ભવ હોય. ઉપરોકત ત્રણ સિધ્ધાંતો ઉપરાંત કોઈ પણ કેસ માં મનાઈ હુકમ આપવો કે નહી તે કેસ ના સંજોગો અને કોર્ટ ની વિવેકાધીન સત્તા હોય, કોર્ટે મનાઈ હુકમ માગવા આવનાર પક્ષકારની વર્તણુંક તથા દાવો દાખલ કરવામાં તેણે દાખવેલ ઢીલ જેવા પરીબળો પર ધ્યાને લેવા જોઈએ.

**૭.** ઉપરોકત સર્વ સ્વીકૃત કાનુની પરીસ્થીતીને હાલની અરજીનો નિર્ણય કરતાં સમયે મુલવવામાં આવે તો વાદીના કેસ મુજબ તેઓએ હાલનો દાવો ઈન્દ્રજીતસીંહ અજીતસીહના વારસો તરીકે દાખલ કરેલો છે. પ્રતિવાદીઓ મર્હુમ અજીતસીહના પુત્ર દીલીપસીહના વારસો છે તે રીતે વાદી અને પ્રતિવાદી અજીતસીંહ શીવસીંહ ઝાલાના વારસો છે. પ્રતિવાદીએ રજુ કરેલો દાવા જવાબ વંચાણે લેવામાં આવે તો તેઓએ પણ વાદી અને પ્ર તિવાદી વચ્ચેના સંબંધોનો સ્વીકાર કરેલો છે. પ્રતિવાદીઓએ દાવા જવાબમાં દાવાવાળી જમીનમાં હક હોવાનુ સ્વીકારેલ છે. દાવાવાળી જમીન પ્રતિવાદીઓના વડીલ દીલીપસીહ અજીતસીંહની સ્વપાર્જીત હતી અને તેમાં પ્રતિવાદીઓ સીવાય અન્ય કોઈનો હક અધીકાર નથી તેવો પ્રતિવાદીનો બચાવ નથી. વાદીએ માર્ક–૩/૩ થી રજુ કરેલ નોધ નં. ૧૫૫૧ તા. ૮/૧/૧૦ વાળી જોવામાં આવે તો તેમાં અજીતસીહના વારસ તરીકે દીલીપસીંહ અજીતસીંહનુ નામ જણાવેલ છે જયારે વાદીના વડીલ ઈન્દ્રસીંહ અજીતસીહનુ નામ રેવન્યુ ઓથોરીટી સમક્ષ છુપાવી અને નોધ નં. ૧૫૫૧ દાખલ કરવામાં આવી હોય તેવુ જણાય છે.

૮. દાવાવાળી જમીનમા વાદીનો પણ હક હોવાનુ પ્રતિવાદી સ્વીકારતા હોય તે જોતાં વાદીએ પોતાનો પ્રથમ દર્શનીય કેસ હોવાનુ સાબીત કરેલુ છે. જો પ્રતિવાદી તેઓના નામની રેવન્યુ એન્ટ્રીના આધારે દાવાવાળી જમીન અન્ય કોઈ ત્રાહીતને વેચાણ, ગીરો, બક્ષીસ, ભાડા પટેથી, અદલાબદલના દસ્તાવેજથી આપશે તો વાદીએ નવા ખરીદનાર સામે નાહકના લીટીગેશનમાં ઉતરવુ પડશે તેવા સંજોગો હોવાનુ જણાય છે અને જો પ્રતિવાદીઓ તેમ કરવામાં સફળ જાય તો વાદીના દાવાવાળી જમીનમાં રહેલા વારસાઈ હકને નાણામાં ન માપી શકાય તેવુ નુકશાન જાય તેમ છે. વધુમાં વાદીએ દાવાવાળી જમીન ઉપર પ્રતિવાદીનો કબજો હોવાનુ જણાવેલ હોય અને પ્ર તિવાદીઓ દાવાવાળી જમીનમાંથી ખેત ઉપજ મેળવતા હોય જો માંગ્યા મુજબનો મનાઈ

હુકમ આપવામાં આવશે તો પ્રતિવાદીઓને કોઈ નુકશાન જાય તેમ નથી તે જોતાં સગવડતા – અગવડતાનું પલ્લુ વાદીની તરફેણમાં છે.

૯. ઉપરોકત કારણો મુજબ મનાઈ હુકમની અરજી ગ્રાહ્ય રાખવા માટેના તમામ આવશ્યક તત્વો વાદીની તરફેણમાં હોય વાદીની હાલની અરજીમાં તથ્ય હોવાનુ જણાતુ હોય અરજી હેઠળ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

- વાદીની આંક–૫ ની અરજી અંશત: મંજુર કરવામા આવે છે.
- પ્રતિવાદીઓ સામે આ દાવાના આખરી નિકાલ સુધી એવો કામ ચલાઉ મનાઈ હુકમ આપવા મા આવે છે કે, તેઓએ જાતે કે તેના નોકરો, એજન્ટો મારફતે ગામ. બારડોલી બારીયા, તા. દહેગામ ખાતા નં. ૧૦૬ થી બ્લોક /સર્વે નં. ૨૦૯ (જુનો ખાતા નં. ૬ જેનો જુના બ્લોક/સર્વે નં. ૧૧૭) ક્ષેત્રફળ– હે.૨–૨૨–૮૮ વાળી જમીનને અન્ય કોઈ ઈસમને ગીરો, બક્ષીસ, વેચાણ યા અન્ય કોઈપણ રીતે ટ્રાન્સફર કરે કરાવે નહી તેમજ સદર મિલકત ઉપર સરકારી, અર્ધસરકારી કે ખાનગી યા જાહેર બોજો કરે કરાવે નહી તેવો હુકમ કરવામાં આવે છે.
- પક્ષકારોએ ખર્ચ જાતે ભોગવવુ

હુકમ આજરોજ તા.૧૩/૧૦/૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ:– દહેગામ**
**તા. ૧૩/૧૦/૨૦૨૫**

**(વી.પી.મહેતા)**
**પ્રીન્સી. સીવીલ જજ, દહેગામ**
**UIC: GJ01538**